# ૧ ઓગષ્ટ –૨૦૧૬ (સોમવાર)

**(૧) ૧ ઓગષ્ટ**
- રેવન્યુ વર્ષની શરૂઆત
- રેવન્યૂ વર્ષનો સમયગાળો ૧ ઓગસ્ટ– ૩૧ જૂલાઇ

**(૨) 'પ્રધાનમંત્રી સુરક્ષિત માતૃત્વ અભિયાન :**
- વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા પ્રધાનમંત્રી સુરક્ષિત માતૃત્વ અભિયાન શરૂ કરવામાં આવ્યું
- પ્રસુતી સમયે માતા અને બાળકોનો મૃત્યુઆંક ઘટાડવા તેમણે આ જાહેરાત કરી.
- 'મન કી બાત' ની ૨૨ મી આવૃતિમાં જણાવ્યું કે દર મહીનાની નવમી તારીખે ગર્ભવતી મહિલાઓની સરકારી હોસ્પિટલોમાં મુફ્ત તપાસ થશે.

**(૩) હરમનપ્રીત કૌર : ક્રિકેટર**
- ભારતીય મહિલા ક્રિકેટ ટીમની વાઇસ કેપ્ટન
- હરમનપ્રીત કૌર ઓસ્ટ્રેલિયામાં યોજાનારી મહીલા બીગબેશ લીગ માં ભાગ લેશે.
- તેણે મહિલા બીગ બેશ લીગની ફ્રેંચાઇઝી સિડની થંડર્સ માં વર્ષ ૨૦૧૬–૧૭ની સિઝન માટે કરાર કર્યો છે.
- હરમનપ્રીત કૌર આ સાથે વિદેશી લીગ સાથે જડાનાર ભારતની પ્રથમ મહિલા ક્રિકેટર બની ગઇ છે.

**(૪) ગુજરાતમાં સાતમાં પગારપંચનો અમલ :**
- કેન્દ્ર સરકારના સાતમાં પગારપંચની ભલામણોનો અમલ રાજ્યમાં ૧ લી ઓગષ્ટથી જ કરી દેવાની જાહેરાત મુખ્યમંત્રી આનંદીબેન પટેલે કરી
- કેન્દ્ર સરકાર દ્વારા અન્ય ભથ્થા અંગે આગામી સમયમાં વિચારણ કરાશે, ત્યારબાદ રાજ્ય સરકાર પણ કેન્દ્ર સરકાર દ્વારા થયેલી જાહેરાતના અનુસંધાને તેની સમીક્ષા કરશે.

**(૫) લ્યુક એકિન્સ – અમેરિકન સ્કાય ડાઇવર :**
- અમેરિકન સ્કાય ડાઇવર લ્યુક એકિન્સે ૨૫ હજાર ફૂટની ઉંચાઇથી પેરાશુટ તથા વિંગશુટ વિના જ કુદકો લગાવી વર્લ્ડ રેકોર્ડ કર્યો.
- લ્યુક ૧૯૩ કિ.મી.પ્રતિ કલાકની ઝડપે જમીન પર આવ્યો હતો.
- ૪૨ વર્ષનો લ્યુક સીધો જ ૧૦૦ ફૂટની લાંબી એક જાળીમાં સુરક્ષીત રીતે ઉતર્યો હતો.
- ગિનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં પણ તેના આ સાહસને સ્થાન મળ્યું.

પ્રશ્નો :

(૧) રેવન્યૂ વર્ષનો સમયગાળો જણાવો.
- ૧ ઓગસ્ટ – ૩૧ જૂલાઇ

(૨) તાજેતરમાં 'મન કી બાત' ની ૨૨ મી આવૃત્તિમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ માતા અને બાળકના મૃત્યુ દર ઘટાડવા કયાં અભિયાનની જાહેરાત કરી ?
- પ્રધાનમંત્રી સુરક્ષીત માતૃત્વ અભિયાન

(૩) પ્રધાનમંત્રી સુરક્ષીત માતૃત્વ અભિયાન અંતર્ગત દર માસની કઇ તારીખે ગર્ભવતી મહિલાઓની મફત તપાસ થશે ?
- નવમી તારીખ

(૪) ઓસ્ટ્રેલિયામાં યોજાનાર મહિલા બીગ બેશ લીગમાં ભાગ લેનાર પ્રથમ ભારતીય મહિલા ખેલાડી ?
- હરમનપ્રીત કૌર

(૫) ગુજરાતમાં સાતમાં પગારપંચનો અમલ ક્યારથી થશે ?
- ૧ ઓગસ્ટ, ૨૦૧૬

(૬) તાજેતરમાં કયા અમેરિકન સ્કાય ડાઇવરે ૨૫ હજાર દુરથી પેરાશુટ તથા વિંગશુટ વિના કુદકો લગાવી વર્લ્ડ રેકોર્ડ કર્યો ?
- લ્યુક એકિન્સ

વિવેકાનંદ એકેડમી (ગાંધીનગર) મો.૯૯૨૫૬૯૮૭૨૧